# UMOOR KHAREJIYAH HANDBOOK

## ગુજરાતી

12 Umoor Overview

Vision

Key Target Areas

Core Responsibilities

Activities

Selection Criteria

Annual Targets

بسم الله الرحمن الرحيم

12 UMOOR

# ૧૨ ઉમૂર Handbook (ગુજરાતી)

આ handbook ઉમૂરખારેજીયાહના કામો અને ઝિમ્મેદારીયો મફ્હૂમ થાય – યે વાસ્તે આ તય્યાર કરવામા આવી છે. આ handbook ફકત reference વાસ્તે છે. ઉમૂરખારેજીયાહના ખિદમત ગુઝારો સગલા અમલો ને આમિલ સાહેબની રઝાસી કરે અને અદ્દાઅવતુલ હાદીયાહના ઇદારાતની તૌજીહાતની રોશનીમા કરે.

Published in 1445 H./ 2023.

مؤمنين ني بهبودگي واسطے انے يہ سگلا ني سعادة زيادة تهائي - يہ واسطے ١٢ امور معين كيدا چهے ، اٰ تمام امور نے عالم ايمان ما اعيان الجماعة انے مؤمنين مخلصين ذمه داري نا ساتهے لئي اُٹهسے - ايم اميد كروں چهوں ، انے دعاء كروں چهوں - خدا تعالى تمام امور لئي اٹهواني ياري اٰپے .

من الكلمات النورانية للداعي الاجل سيدنا عالي قدر مفضل سيف الدين ط‌ع

મુમેનીન ની બેહબૂદગી વાસતે અને યે સગલા ની સઆદત ઝયાદા થાઈ – યે વાસતે ૧૨ ઉમૂર મોઅય્યન કીદા છે. આ તમામ ઊમૂર ને આલમે ઈમાન મા આયાનુલ જમાઅત અને મુમેનીન મુખલેસીન ઝિમ્મેદારી ના સાથે લઈ ઊઠસે – એમ ઊમ્મીદ કરૂ છૂ. અને દુઆ કરૂ છૂ – ખુદા તઆલા તમામ ઊમૂર લઈ ઊઠવાની યારી આપે.

(કલેમાત નૂરાનિયાહ અદ્દાઈલ અજલ સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન ત.ઉ.શ.)

# મુકદ્દમો

## ૧૨ ઉમૂરનુ Vision

અદ્દાઇલ અજલ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન ત.ઉ.શ. યે જમાઅતના કામોને ૧૨ ઉમૂરમા તકસીમ કીધા છે. અલગ અલગ organizations અને companies માં અલગ અલગ કામો વાસ્તે મુતફરરિક departments હોય છે, જેના સબબ કામ કરનારાઓની efficiency ઝિયાદા થાય છે અને કામો બેહતર શાકેલતસી થાય છે. મુમિનની ઝિંદગીનો હર પેહલુ દુરુસ્ત થાય યે વાસ્તે જમાઅતના કામોને ૧૨ ઉમૂરમા તકસીમ કરવામા આયા છે અને સૈયદનલ મિનઆમ ત.ઉ.શ. ના ઇર્શાદાત આલિયાહની રોશનીમા હર ઉમૂર નો scope of work મુકર્રર કરવામા આયો છે.

બિલાદ ઇમાનિયાહમા ૧૨ ઉમૂરની કમિટી કાઇમ થાવાસી મુમિનીનને અલગ અલગ હુનરસી સાથે મિલીને કામ કરવા વાસ્તે અને જમાઅતને આગલ લઈ જાવા વાસ્તે એક platform મિલે છે. કોઈ ભી મુમિનને ખિદમતનો શૌક હોય તો તે ૧૨ ઉમૂર ના તહત ખિદમત અંજામ દઈ સકે છે. અને મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ની ખુશી હાસિલ કરી સકે છે.

હર team વાસ્તે એહના objectives મુકર્રર કરવામા આયા છે જેના સબબ જમાઅતના તૌર પર efficiency ઝિયાદા થાય છે. તમામ ઉમૂરની કમિટી પોતાનુ progress - track કરી સકે છે. એહના સબબ મૌઝેનો overall progress માલૂમ થાય છે અને મુમિનને કઇંક શાકેલતસી ફાયદો પોંહચે છે.

## MAIN OBJECTIVES

- ૧૨ ઉમૂરના સબબ human resources ને આ મિસલ manage કરી સકાય છે:

  ➢ મુમિનીનને યે સગલા ના શૌક અને હુનર મુતાબિક ખિદમતમા શામિલ કરીને
  ➢ સહીહ શખ્સને identify કરીને, સહીહ ખિદમત સોંપીને
  ➢ જમાઅતના કામોને અલગ અલગ - લાઇક ખિદમત ગુઝારોને સોંપીને
  ➢ ખિદમત ગુઝારોને training આપીને- તાકે ખિદમતમા જે મુશ્કિલો પેશ આવે છે એહને હલ કરવામા યારી મિલે

- Goal-driven organization બનવામા યારી દે છે:

  ➢ Implementation પહલે Planning કરીને
  ➢ મુશ્કિલ હાલાત પેશ આવે તેના બાવજૂદ routine work જારી રાખીને
  ➢ ૧૨ ઉમૂરના હર કામ વાસ્તે smart goals તૈયાર કરીને (Specific, Measurable, Attainable, Relevant, Time bound)
  ➢ Financial, human અને capital resources ને પુખ્તગીસી balance કરીને

- Financial planning મા યારી મિલે છે:

  ➢ હર ઉમૂરને ઝરૂરત મુતાબિક finance provide કરીને
  ➢ જમાઅતના કામો વાસ્તે એક balanced budget અને financial review system તૈયાર કરીને જમાઅતના resources બેહતર શાકેલતસી ઇસ્તેમાલ કરીને

- બેહતર Monitoring થઈ સકે છે:

- ૧૨ ઉમૂરના ખિદમત ગુઝારોને performance management ના ઝારીએ ઝિમ્મેદારી સોંપીને
- જમાઅતસી અને મુમિનીનસી feedback લઈને Value Assessments conduct કરીને

## ૧૨ ઉમૂર

મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. યે ૧૨ ઉમૂર મુકર્રર ફરમાયા યે ઉમૂર આ મિસલસી છે:



## ૧૨ ઉમૂરનુ HR Structure

૧૨ ઉમૂરનુ HR Structure આ મિસલસી હોય એમ recommended છે:

### ૧૨ ઉમૂર (Level 1) Coordinators:

હર ઉમૂરના એક coordinator હોય જેને મૌઝેના આમિલ સાહેબ ઇન્તેખાબ કરસે. તમામ ઉમૂરના coordinators મિલીને ૧૨ ઉમૂરના Level 1 મા શુમાર થાસે.

હર coordinator:

- જમાઅત કમિટીમા રહીને પોતાના ઉમૂરને અને એહની સગલી teams ને જમાઅતમા represent કરસે.
- પોતાના ઉમૂર દાવત હાદિયાહના ઇદારાતના ઇર્શાદાત અને તૌજીહાત મુતાબિક આમિલ સાહેબસી રઝા લઈને ખિદમતો અંજામ દેસે.
- પોતાના ઉમૂરની teams ને lead કરસે તા કે બેહતર મા બેહતર શાકેલતસી ખિદમત અંજામ દઈ સકે.
- મૌઝેમા આમિલ સાહેબના સાથે, એહના ઉમૂરની teams સાથે, બીજા ઉમૂરના coordinators સાથે, એહની જમીઅતમા બીસરા મવાઝેની teams સાથે – યેજ મિસલ દાવત હાદીયાહના ઇદારાત સાથે coordinate કરસે.
- મુમેનાત અને ફરઝંદો મુતાલિક activities/initiatives વાસ્તે અલ અકીકના coordinator સાથે collaborate/coordinate કરસે.

## ૧૨ ઉમૂર Teams / Sub-Committees (Level 2)

હર ઉમૂરના તહત અલગ અલગ teams અને કમિટી ખિદમતો અંજામ દેસે. Level 2 ના તમામ મેમ્બર્સ પૂરા સાલ દરમિયાન ખિદમત અંજામ દેસે. આ સગલી teams ના મેમ્બર્સ ૧૨ ઉમૂરના Level 2 ના ખિદમત ગુઝારમા શુમાર થાસે.

- આમિલ સાહેબ યા કે coordinator જે કામો સોંપે – યે મુતાબિક હર કમિટી ખિદમત અંજામ દેસે.
- હર team/કમિટીના એક Leader હસે જે:
  - એહની team ને manage કરસે
  - ઉમૂરની meetings મા એહની team ને represent કરસે
  - એહના ઉમૂરના coordinator ના સાથે અને એહની team ના સાથે liaise કરસે
  - દાવત હાદીયાહના ઇદારાત સાથે liaise કરસે

**નોટ**: બાઅઝ કમિટીમા ખિદમત કરનારના નામો આમિલ સાહેબયે ઉમૂર મુતાલિક દાવતના ઇદારાતમા અરઝ કરસે અને ઇદારાત એહને finalize કરસે (મસલન-ઉમૂર ઇકતેસાદીયાહમા કરઝન હસના કમિટી). આ સગલી મંઝૂરશુદા કમિટી ઇદારાની તૌજીહાત મુતાબિક ખિદમત અંજામ દેસે.

**૧૨ ઉમ્મૂર Volunteers/Taskforce (Level 3):**

બાઅઝ મુમિનીનયે કોઈ અમરમા ખિદમત કરવાનો શૌક કીધો હસે મગર પૂરા સાલ વકત નહીં આપી સકતા હોય- યે સગલા મુમિનીન reserve force ની શાકેલત પર ખિદમત કરસે અને Level 3 HR Pool મા શુમાર થાસે. યે સગલાને ઝરૂરત મુતાબિક કોઈ કામ વાસ્તે યા કોઈ મીકાત પર ખિદમતમા શામિલ કરી સકાય છે.

| |
|---|
| નોટ: જે મુમિનીનયે ૧૨ ઉમ્મૂરની ખિદમત વાસ્તે ITS પર register કરાયુ હોય – યે સગલાને આ category મા શામિલ કરી સકાય છે. |

**૧૨ ઉમ્મૂર – અલ અકીક કમિટી:**

હર મૌઝે ની એક અલ અકીક કમિટી હસે જે ૧૨ ઉમ્મૂર મુતાલિક મુમેનાત અને ફરઝંદોના ઉમ્મૂરનો ખયાલ રાખસે અને ૧૨ ઉમ્મૂર ની કમિટીના સાથે મિલીને કામ કરસે. અલ અકીક કમિટીનો ખર્ચ main jamaat budget મા શુમાર થાસે.

| |
|---|
| **નોટ**: અલ અકીક કમિટી દાએરતુલ અકીક (મુંબઈ)ની તૌજીહાત મુતાબિક 3 levels મા તકસીમ થાસે. |

# ૧૨ ઉમૂરને Implement કરવાનુ Process



Planning

- મૌઝેની ઝરૂરતોને સમજે.
- મૌઝેના ૧૨ ઉમ્મૂરના હરએક ઉમ્મૂરમા જે gaps છે એહને identify કરે.
- હર ઉમ્મૂર વાસ્તે SMART goals બાનવે.

  - **Specific** (મુઅય્યન/મહદૂદ હોય): કૌન, સું કામ, કિવારે કરસે, કઇ જગા કરસે અને નતીજો સું આવસે? Goal ને જિત્નો બને ઇત્નો બરાબર સમજે, હદ બંદી કરે. કામ કૌન કરસે? મારો સું મકસદ છે? સું કામ અપને આ કામ કરી રહ્યા છે? સું સું ચીઝની મને ઝરૂરત છે? સું સું મુશ્કિલો દરપેશ આવસે? આ સગલી ચીઝો નો ખયાલ રાખીને goals બાનવે.
  - **Measurable** (નતીજો માપી સકાય): Progress ને track કરે અને નતીજાને માપે. કિત્નુ થયુ? કિત્નુ બાકી છે?
  - **Attainable** (Goal achieve થઇ સકતો હોય): એમ દેખે કે સું આ goal એહવો છે કે મે યે હાસિલ કરી સકું છું. એમ ખયાલ રાખે કે એહવો goal ન હોય કે જે કરીજ ન સકતા હોય.
  - **Relevant** (ઝરૂરત મુતાબિક હોય): એમ ખયાલ રાખે કે હર goal નો તાઅલ્લુક બીસરા goals સી હોય અને long term plan વાસ્તે યે goal ને હાસિલ કરવાની ઝરૂરત હોય. એહવો goal ન હોય જેમા કોઇ મકસદ ન હોય.
  - **Timely** (મુકર્રરશુદા વક્તમા તમામ થાય): હર goal વાસ્તે એક time limit મુકર્રર કરે જેના સબબ બેહતર શાકેલતસી time manage થઈ સકે.

- હર ઉમૂર વાસ્તે KPIs (Key  Performance Indicators) તૈયાર કરે તાકે એમ સમજી સકાય કે વરસના આખિરમા હમને કહાં પોંહચવુ છે અને એહના અસાસ પર review કરી સકાય.
- Organize કરવુ/ Delegate (કામ સોંપવુ)
- Resource Management
- Goals અને કામોને ઝરૂરત મુતાબિક prioritise કરે
- યે goals અને કામોને હાસિલ કરવામા જે resources ની ઝરૂરત હોય એહની લિસ્ટ બાનવે. મસલન:

❖ Human Resources:

  - ➢ કિતના અશખાસની ઝરૂરત છે
  - ➢ કામ વાસ્તે સું મહારત યા હુનરની ઝરૂરત છે.
  - ➢ સહીહ શખ્સને ઇખ્તેયાર કરીને સહીહ કામ સોંપવુ.
  - ➢ Development and Training
  - ➢ ઝરૂરત મુતાબિક રકમ આપવુ

❖ ઝમીન:

  - ➢ Real estate
  - ➢ Office space

❖ Time:

  - ➢ Goals ને હાસિલ કરવામા
  - ➢ Resources ને જમે કરવામા

❖ Finances

  - ➢ જમાઅતના operational income માસી
  - ➢ મુમિનીન ખચ્ચરીનને મુંતદિબ કરીને

- કરદન હસના
- વગૈરા

<u>Fundraising</u>

જમાઅતના કોઈ ભી project ને લઈ ઉઠવા વાસ્તે fundraising ઘનુ ઝરૂરી છે. એમ ઝરૂરી છે કે જમાઅતના આયાન મુમિનીનને ખિદમત કરવા વાસ્તે શૌક દિલવે. Fundraising કરતી વકત મુમિન સાથે તઅલ્લુકાત (rapport) બનાવવુ અને સંભાલવુ મુશ્કિલ છે મગર સહીહ strategy સી યે કામમા કામયાબી મિલે છે. ૧૨ ઉમૂરના તહત હર ઉમૂરની કમિટી પોતાના આમિલ સાહેબના સાથે અને ખાસ્સતન ઉમૂર માલિયાહની team સાથે પોતાના મૌઝેના કામોની financial planning કરે.

| |
|---|
| **નોટ**: Fundraising – આમિલ સાહેબ અને ઉમૂર માલિયાહની team ની રાય અને મશવરાસી કરવામા આવે. જેભી funds raise કીધા હોય યા ઇસ્તેમાલ કીધા હોય- એહને બરાબર સંભાલે અને ઉમૂર માલિયાહની કમિટીના સાથે share કરે. |

**Fundraising વાસ્તે ઝરૂરી હિદાયાત:**

- **Keep it simple:** લોગોના સાથે બેહતર તાલ્લુકાત રાખે અને સગલાના સાથે બરાબર વાત કરીને શામિલ થાવા વાસ્તે સગલાને શૌક દિલાવે,
- **Fundraising કરવા પેહલે એક હદફ નક્કી કરે:** અગર કોઈ goal - set હસે, એહનુ કિત્નો ખર્ચ છે- યે ખબર હસે- તો રકમ સેહલાઈ સી raise થઈ સકે.
- **ખુદ ઈમાનદાર હોય, accessible હોય:** ઈમાનદારીના સબબ હમેશા સાથ દેનારાઓની ગિન્તી ઝિયાદા થાય છે અને ખિદમત કરનાર પર ભરોસો રહે છે. અગર કોઈ કામ વાસ્તે fundraising કરવુ હોય તો

મુમિનીન ખય્યેરીન ને બુલાવે, અને સગલાને બતાવે કે કઈ શાકેલતસી યે સગલાના funds નો ઇસ્તેમાલ થાસે. અમલમા આ મિસલ ચોખ્ખાઈ (transparency) રાખવાસી લોગોનો ભરોસો મઝબૂત થાય છે.

- **Contribution મિલવા બાદ હમેશા ખિદમત અરઝ કરનારને Appreciate કરે**: ફકત શામિલ થાતી વકત નહીં બલ્કે વારંવાર યે સગલા ને Appreciate કરે. ખિદમત અરઝ કરનારને ખબર કરે કે કઈ શાકેલતસી એહની ખિદમતના સબબ કોઈ મુમિનને ફાયદો પોંહચો છે. એહના સબબ એમ ઉમ્મીદ હોય છે કે યે આઇન્દા ભી ખિદમત મા શામિલ થાસે.
- **જે રાહ અને તર્ઝ પર સાબિક પ્રોજેક્ટમા કામયાબી મિલી હોય- એહને ન બદલે**: હર જમાઅતમા, હર કામ વાસ્તે અલગ અલગ strategies ની ઝરૂરત હોય છે. એહની માઅના એમ નથી કે ફુલાન મૌઝેમા ફુલાન fundraising strategy ઇસ્તેમાલ કીધી તો હમેં ભી એમ કરીયે છે. જે શાકેલતસી કામો થાતા હોય અને funds raise થાતા હોય એહના ઊપર દાઇમ રહે, ઝરૂરત મુતાબિક રદ્દો બદલ કરે.

Coordinators વાસતે બાઝ તૌજીહાત

- એમ તદબીર કરે કે હર team એહના ઉમૂરના કામો અને goals સમજી ગયા હોય.
- આમિલ સાહેબના અસ્બાકના ઝરીઆસી અને Joint / Individual counselling motivational sessions ના ઝારીઆસી team ને મુઆવનત કરે, શૌક દિલાવે.
- Functional training યા online courses ના ઝારીઆસી human resource ને તૈયાર કરે.
- મુમિનીનને ૧૨ ઉમૂરના અહદાફ સમજાવે.
- ૧૨ ઉમૂરને promote કરે તાકે મુમિનીન તરફસી કામોમા support મિલે.
- ખિદમત ગુઝારોમા coordination વાસ્તે, જમાઅતમા વાત પોહંચાવા વાસ્તે, team motivation અને participation વાસ્તે meetings રાખે.

Meetings કરવા વાસ્તે ઝરૂરી હિદાયાત:

- **Meeting નો agenda ખબર કરે**: તાકે ઝિયાદાસી ઝિયાદા લોગો meeting મા શામિલ થાય અને participate કરે.
- ઉમૂરના મેમ્બર્સ સાથે meeting મા કોન હાઝિર થાસે- એહનો ખયાલ રાખે.
- Meeting ના agenda મુતાબિક જે યહાં ચીઝોના બારામા વાત કરવાની છે એહની લિસ્ટ બનાવે અને meeting શુરૂ થાવા પેહલે સગલાને share કરે.
- Meeting મા આ સગલા ઉમૂરનો ખયાલ રાખે:
  - વકત પર શુરૂ કરે
  - Meeting નો agenda સગલાના દરમિયાન કહે

- Agenda ને follow કરે
- લંબાન વાતો ના કરે અને જલ્દ અઝ જલ્દ નતીજા પર આવે
- એક meeting મા જહાં ફરક રહ્યો હોય એહને આઇન્દાની meeting મા દુરુસ્ત કરે
- એમ ખયાલ રાખે કે હાઝેરીનનુ ઝેહેન meeting મા હોય
- Meeting ના આખિરમા next meeting ને schedule કરે
- કોન કયુ કામ કિવાર લગ કરસે- યે આપસમા વાત કરી decide કરે
- Meeting minutes નો record રાખે (meeting મા જે સગલી વાતો થઈ હોય એહની નોંધ રાખે) અને એહને મેમ્બર્સમા circulate કરે

- Meeting ના બાદ follow-up: meeting ના હાઝેરીનને action plan આપે અને એહના reports તલબ કરતા રહે.

**Monitoring**

- Project ના દરમિયાન આ મિસલસી સવાલોના જવાબો વારંવાર- યા કમ અઝ કમ વરસમા એકવાર document થાય:
  - Assessment of goals: સું targets achieve થયા?
  - Performance Management: સું હમેં હમારી પૂરી કોશિશના સાથે કામ કીધુ?
  - નતીજો સું આયો?
  - નતીજા લગ પોંહચવા વાસ્તે process સું હતો? સું યે process અસરદાર હતો?
  - સું leaders યે એહના goals ને deliver કીધા? સું leadership ના વઝાઇફ અદા કરવામા કોઈ મુશ્કિલો આવી? યે મુશ્કિલોને કઈ તરહ હલ કરી સકાય?

- Team યે કઈ શાકેલતસી કામોને અંજામ દીધા? સું યે સગલાને હજી training ની ઝરૂરત છે? સું આવતા term  વાસ્તે team  બદલવાની ઝરૂરત છે?

**Budgetary Controls:**

- સું project એહના budget objectives મુતાબિક થયો?
- સું કોઇ action લેવાની ઝરૂરત છે- મસલન cost કટિંગ?
- આવતા અર્ધા સાલ લગ foreseen expenses કિત્ના છે? (H1 likely)

## ૧૨ ઉમૂરને Implement કરવા વાસ્તે Timeline

૧૨ ઉમૂરનુ કાઇમ થાવુ એક continuous process છે.

- ૧૨ ઉમૂરના કમિટી મેમ્બર્સ- યે સાગલાના ઉમૂરના Coordinator ની leadership મા ઝરૂરત મુતાબિક નિયમિતપણે મિલે.
- આમિલ સાહેબના સાથે ૧૨ ઉમૂરની કમિટી- મહીનામા કમ અઝ કમ એક વકત review અને reporting વાસ્તે મિલે.
- આમિલ સાહેબની સદારતમા ૧૨ ઉમૂરની સગલી કમિટી એક સાથે મિલીને combined quarterly meeting મા આ સગલા નિકાત પર discussion કરે:

❖ શેહરે સફરુલ મુઝફ્ફર

- ➢ અશરા મુબારકા દરમિયાન ખર્ચના details અને comprehensive review
- ➢ જમાઅત budget ના current quarter મા goals નો progress review
- ➢ રફઓ મુસ્તવા મઈશતિલ મુમિનીન (Upliftment) વાસ્તે તૈયારી
- ➢ અય્યામુત્તાઅબ્બુદાતિલ મુબારકા વાસ્તે તૈયારી
- ➢ મુવાસાત વાસ્તે initial planning
- ➢ મુમિનીનસી જમાઅતના dues ના collection નો review
- ➢ ઇસતેફાદા ઇલ્મીયાહ વાસ્તે તેહઝીઝ અને ઓહબત

❖ શેહરે જુમાદલ ઊલા

- ➢ જમાઅતના budget અને goals નો quarterly review
- ➢ ૧૨ ઉમૂરની કમિટી વાસ્તે micro budget ની તૈયારી
- ➢ જમાઅતના books of accounts ના actuals વાસ્તે તૈયારી

- જમાઅતના budget ને ૨૮ ફેબ્રુઆરી પેહલા submit કરવા વાસ્તે complete કરવુ
- મુવાસાતના final submission ની તૈયારી
- મુમિનીનસી જમાઅતના dues ના collection નો review

❖ શેહરે શાબાનુલ કરીમ

- શેહરૂલ્લાહિલ મુઅઝ્ઝમ વાસ્તે તૈયારી
- નમાઝ અને રોઝા મુતાલ્લિક discussions
- નિયાઝ, વાજેબાત, ફૈઝુલ મવાઈદિલ બુરહાનીયાહ અને મુવાસાત વાસ્તે તૈયારી
- Budget નુ discussion
- મુમિનીનસી જમાઅતના dues ના collection નો review

❖ શેહરે ઝિલકાદતિલ હરામ

- અશરા મુબારકા વાસ્તે ઓહબત (સાદાત કિરામની તૌજીહાત મુતાબિક)
- Current quarter ના budget અને goals નો review
- આવનાર 3 મહીનાના budget અને ખર્ચનો review
- ઈદુલ અદહા વાસ્તે તૈયારી
- અશરા મુબારકા વાસ્તે કામોની તફવીઝ અને તનફીઝની તૈયારી
- મુમિનીનસી જમાઅતના dues ના collection નો review

**નોટ ૧**: જમાઅતના સગલા મેમ્બર્સ અને ૧૨ ઉમૂર કમિટીના સગલા મેમ્બર્સ meetings attend કરે અને યે સગલાના reports અને reviews ને પેશ કરે.

**નોટ ૨**: Accounts અને finance નો review fiscal year ના હર quarter ના આખિરમા થાસે. (July, October, January, April)

## الهدف المعين

"ساتمو۔ امور خارجية ، هر شهر ما مسلمين انے تمام عباد الله ساتھے هلي ملي نے رهے ، انے بهتر علاقات راكھے"

“સાતમુ – ઉમૂર ખારિજીયાહ, હર શહરમા મુસ્લેમીન અને તમામ ઇબાદુલ્લાહ સાથે હિલી મિલીને રહે, અને બેહતર ઇલાકાત રાખે”

(કલેમાત નૂરાનીયાહ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન ત.ઉ.શ. – ૮ મુહર્રમુલ હરામ હી.સ.૧૪૪૧)

الداعي الاجل سيدنا عالي قدر مفضل سيف الدين طع يه تاريخ ٢٨ من شهر شوال المكرم سنة ١٤٤٢ هـ امور خارجية نا خدمة گزارو نے خطاب كرتا هوا فرمايو:

" مؤمنين ني جماعة! آج تمام عالم ايمان ما ١٢ امور ما سي امور خارجية نا خدمة گزارو حاضر تھيا چھے ، الله تعالى قرآن مجيد ما فرماوے چھے :

بِسۡمِ ٱللَّهِ ٱلرَّحۡمَٰنِ ٱلرَّحِيمِ "وَتَعَاوَنُواْ عَلَى ٱلۡبِرِّ وَٱلتَّقۡوَىٰۖ " - بھلائي انے تقوى پر تميں سگلا تعاون كرو ، ايك بيسرا نے مدد كرو ، رسول الله صلى الله عليه وآله وسلم فرماوے چھے كه "حب الوطن من الايمان" - جه وطن ما رهتا هوئي اهنا وفادار تھئي نے رهوو- يه ايمان ني شروط ماسي چھے ، يه ج مثل امير المؤمنين مولانا علي بن ابي طالب صلوات الله عليه فرماوے چھے " خالطوا الناس مخالطة ان متم معها بكوا عليكم وان عشتم حنوا اليكم " - تميں لوگو ساتھ اهوا هلي ملي نے رهو كه جيوارے تمنے موت آوے - تو يه سگلا تمارا پر روئي ، انے جهاں لگ تميں زنده چھوو هاں لگ يه سگلا تماري طرف شوق كرتا رهے ،

اے برادرو! آ بيانوسي روشني ما خدمة كرنار لوگو تميں سگلا چھو ، دعوة نا نظام انے قانون موافق تمام بلاد ما مسلمين انے عباد الله ساتھ بهتر تعلقات تھائي ، محبة نا بيج دلو ما بووائي - يه واسطے تميں سگلا رات انے دن كوشش كرو چھو ،Project Rise نا تحت بھي - صحة ، بيئة انے جمن جمانڑوا ني خدمة لئي اٹھو چھو ، حكومة نا اراكين مؤسسات سياسية ، تجارية ، خيرية و غيرها ساتھ مؤمنين اجتماعي انے انفرادي شاكلة سي هلي ملي نے عزة نا ساتھے رهے انے سگلا نا كار خير ما شريك تھائي - يه واسطے تدبير كرو چھو ،

خدا تعالى فرماوے چھے" وَلِلَّهِ ٱلۡعِزَّةُ وَلِرَسُولِهِۦ وَلِلۡمُؤۡمِنِينَ " عزة خدا واسطے چھے ، خدا نا رسول واسطے چھے ، خدا انے خدا نا رسول ني عزة نا ساتھ مؤمنين ني عزة جوڑائيلي چھے ، خدا تعالى دعوة انے مؤمنين ني عزة نے سنبھالي راكھجو ، دن بدن ـ یہ عزة زيادة تھاتي رہے ، تمنے سگلا نے ا مثل مشكل حالات ما مؤمنين نے سمجھاواني ، تمام عباد الله ساتھ بہتر معاملات كرواني انے قسم قسم ني خدمتولئي اٹھواني ياري انے توفيق اپجو ،

رسول الله فرماوے چھے كہ" الخلق عيال الله واحب الخلق الى الله انفعهم لعياله" تمام خلق خدا نا عيال چھے ، انے خدا نا نزديك زيادة محبوب كون چھے كہ جہ خدا نا عيال نے زيادة فائدة پہنچاوے ، تميں سگلا تمام بلاد ما مؤمنين نے تفهيم كرجو كہ سگلا تمام عبادالله ساتھ بہتر تعلقات راكھے ، معاملة حسنة كرے تاكہ جيم امام فرماوے چھے كہ تميں سگلا همارا واسطے دعاة صامتين تھاؤ ، يعني خاموش رهي نے هماري طرف دعوة كرو ، تو يقينًا تمارا ما سي جہ سگلا بہتر اخلاق سي لوگو نا ساتھ پيش اوٓسے تو سگلا لوگو ايم كهسے كہ ا لوگو ا مثل نا چھے تو اهنا مولى كيوا هسے ، خدا تعالى تمنے سگلا نے بركة اپجو ، صحة انے عافية ما اباد شاد باقي راكھجو ، خوش و خرم باقي راكھجو ، ايك مولى حسين نا غم سوى كوئي غم تمنے نہ دكھاؤجو! "

અદ્દાઇલ અજલ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન ત.ઉ.શ. યે તારીખ ૨૮ મી શેહરે શવ્વાલુલ મુકર્રમ હી.સ.૧૪૪૨ **ઉમૂર ખારિજીયાહના** ખિદમત ગુઝારોને ખિતાબ કરતા હુવા ફરમાયુ:

"મુમિનીનની જમાઅત! આજ તમામ આલમે ઈમાનમા ૧૨ ઉમૂરમાસી ઉમૂર ખરિજીયાહના ખિદમત ગુઝારો હાઝિર થયા છે, અલ્લાહ તઆલા કુર્આન મજીદમા ફરમાવે છે: "بِسۡمِ ٱللَّهِ ٱلرَّحۡمَٰنِ ٱلرَّحِيمِ وَتَعَاوَنُواْ عَلَى ٱلۡبِرِّ وَٱلتَّقۡوَىٰۖ"

"ભલાઈ અને તકવા પર તમેં સગલા તઆવુન કરો, એક બીસરાને મદદ કરો, રસૂલુલ્લાહ સ.અ.વ. ફરમાવે છે કે "حب الوطن من الايمان" - જે વતનમા રેહતા હોય એહના વફાદાર થઈને રેહવુ- યે ઈમાનની શરતોમાસી છે, યેજ મિસલ અમીરિલ મુમિનીન મૌલાના અલી બિન અબી તાલિબ સ.અ. ફરમાવે છે:

"خَالِطُوا الناس مخالطة ان متم معها بكوا عليكم وان عشتم حنوا اليكم"

તમેં લોગો સાથ એહવા હિલી મિલીને રહો કે જ્યારે તમને મૌત આવે- તો યે સગલા તમારા પર રોય, અને જહાં લગ તમેં ઝિયાદા છો વહાં લગ યે સગલા તમારી તરફ શૌક કરતા રહે.

એ બિરાદરો! આ બયાનોસી રોશનીમા ખિદમત કરનાર લોગો તમેં સગલા છો, દાઅવતના નિઝામ અને કાનૂન મુવાફિક તમામ બિલાદમા મુસ્લેમીન અને ઇબાદુલ્લાહ સાથ બેહતર તઅલ્લુકાત થાય, મુહબ્બતના બીજ દિલોમા બોવાઇ- યે વાસ્તે તમેં સગલા રાત અને દીન કોશિશ કરો છો, Project Rise ના તહત ભી- સેહત, બીઅત– અને જમન જમારવાની ખિદમત લઈ ઉઠો છો, હુકુમતના અરાકીન, મુઅસ્સસાત સિયાસિય્યાહ, તિજારીયાહ, ખૈરીયાહ વગૈરા સાથ મુમિનીન ઇજતેમાઈ અને ઇનફિરાદી

શાકેલતસી હિલી મિલીને ઇઝઝતના સાથે રહે અને સગલા કારે ખૈર મા શરીક થાય- યે વાસ્તે તદબીર કરો છો.

ખુદા તઆલા ફરમાવે છે " وَلِلَّهِ ٱلۡعِزَّةُ وَلِرَسُولِهِۦ وَلِلۡمُؤۡمِنِينَ " ઇઝઝત ખુદા વાસ્તે છે, ખુદાના રસૂલ વાસ્તે છે, ખુદા અને ખુદાના રસૂલની ઇઝઝતના સાથ મુમિનીનની ઇઝઝત જોડેલી છે, ખુદા તઆલા દાઅવત અને મુમિનીનની ઇઝઝતને સંભાલી રાખજો, દિનબદિન-યે ઇઝઝત ઝિયાદા થાતી રહે.

તમને સગલાને આ મિસલ મુશ્કિલ હાલાતમા મુમિનીનને સમજાવાની, તમામ ઇબાદુલ્લાહ સાથ બેહતર મુઆમલાત કરવાની અને કિસમ કિસમની ખિદમતો લઈ ઊઠવાની યારી અને તૌફીક આપજો.

રસૂલુલ્લાહ ફરમાવે છે કે" الخلق عيال الله واحب الخلق الى الله انفعهم لعياله" તમામ ખલ્ક ખુદાના ઈયાલ છે, અને ખુદાના નઝદીક ઝિયાદા મેહબૂબ કોન છે, કે જે ખુદા ના ઈયાલ ને ઝયાદા ફાયદો પોંહચાવે, તમેં સગલા તમામ બિલાદમા મુમિનીનને તફહીમ કરજો કે સગલા તમામ ઇબદુલ્લાહ સાથ બેહતર તઅલ્લુકાત રાખે, મુઆમલત હસના કરે તાકે જેમ ઇમામ ફરમાવે છે કે તમેં સગલા હમારા વાસ્તે દોઆત સામેતીન થાવ, યાની ખામોશ રહીને હમારી તરફ દાઅવત કરો, તો યકીનન તમારામાસી જે સગલા બેહતર અખ્લાકસી લોગોના સાથ પેશ આવસે તો સગલા લોગો એમ કેહસે કે આ લોગો આ મિસલના છે તો એહના મૌલા કેવા હસે! ખુદા તઆલા તમને સગલાને બરકત આપજો, સેહત અને આફિયતમા આબાદ શાદ બાકી રાખજો, એક મૌલા હુસૈનના ગમ સિવા કોઈ ગમ ન દિખાવજો!"

અમીરૂલ મુમિનીન સ.અ. ફરમાવે છે કે: તમેં લોગો સાથ એહવા હિલી મિલીને રહો કે જિવારે તમને મૌત આવે- તો યે સગલા તમારા પર રોઈ, અને જહાં લગ તમેં ઝિંદા છો વહાં લગ યે સગલા તમારી તરફ શૌક કરતા રહે, ઉમૂર ખરિજીયાહની કમિટી આ ફલસફત મુતાબિક અમલ કરવા પર શૌક દિલાવે.

યેજ મિસલ ખુશહાલ અને અમાનના સાથે દીન મુતાબિક ઝિંદગી બસર કરવા વાસ્તે તમામ ઇબાદુલ્લાહ સાથે બેહતર તઅલ્લુકાત  રાખવુ ઘનુ ઝરૂરી છે- યે તઅલ્લુકાત  બરકરાર રહે એહના વાસ્તે ઉમૂર ખારિજીયાહના મેમ્બર્સ કોશિશ કરે.

## ORGANIZATIONAL STRUCTURES

ઉમૂર ખારિજીયાહના ખિદમત ગુઝારો બેહતર શાકેલતસી function કરી સકે તે વાસ્તે organizational structures તૈયાર કરવામા આયા છે.

યે structures મા નીચે મુતાબિક points શામિલ છે:

- ✓ ઉમૂરનો scope of work
- ✓ મેમબર્સ ની Roles & Responsibilities (ઝિમ્મેદારિયો)

આ structures:

- ✓ મૌઝેમા ઘરોની ગિન્તી મુતાબિક - 3 tier મા તૈયાર કરવામા આયા છે.
- ✓ મા સી મૌઝેમા જે tier – applicable હોઈ, યે મુતાબિક ખિદમત ગુઝારો તય્યાર થાઈ અને ખિદમત અંજામ દે.

| | |
|---|---|
| Tier 1 | 300 અને એહનના સી ઝયાદા ઘર ના મવાઝે વાસ્તે |
| Tier 2 | ૧૦૦- ૨૯૯ ઘર ના મવાઝે વાસ્તે |
| Tier 3 | ૧૦૦ કરતા કમ ઘર ના મવાઝે વાસ્તે |

**નોટ**: ૨/3 tier ના structures મા બાઝ positions/ teams – merge કરવામા આવી છે. તેની details અને merge થાતી વક્ત કઇ ખિદમત કૌન અંજામ દેસે યે structures મા આપવામા આયુ છે.

ઉમૂર ખારિજીયાહના structures આ મિસલ છે:

# UMOOR KHAREJIYAH STRUCTURE

TIER 1 MAWAZE (300+ HOUSES)




Version 1.0 - 1445H

PUBLIC RELATIONS

12 UMOOR

# UMOOR KHAREJIYAH STRUCTURE

( TIER 2 MAWAZE | 100 - 300 HOUSES)




Version 1.0 - 1445H

# UMOOR KHAREJIYAH STRUCTURE

( TIER 3 MAWAZE | LESS THAN 100 HOUSES)

12 UMOOR

PUBLIC RELATIONS




Version 1.0 - 1445H

## અહમ ઝિમ્મેદારીયો

ઉમૂર ખારિજીયાહના ખિદમત ગુઝારોની બાઝ અહમ ઝિમ્મેદારીયો:

- **Stakeholders:**
  - Local authorities, હુકુમતના આરાકીન, local leaders, press, વગૈરહાના સાથે બેહતર તઅલ્લુકાત બનાવીને બરકરાર રાખે.
  - મૌઝેમા તબીઈ, સિયાસી યા ઇજતેમાઈ હાલાતના દરપેશ PR Department ની રાય લઈને અમલ કરે.
  - મુમિનીન સગલાના સાથ હિલી મિલીને રહે- તે વાસ્તે સગલાને તફહીમ કરે અને મૌઝેમા એહવો માહોલ કાઇમ કરે.
  - મૌઝેના વતની- જે બીજા મવાઝેમા રેહતા હોય- યે સગલાના સાથે ઇલાકાત કાઇમ રાખે.
- **Events:**
  - Society ના ફાયદા વાસ્તે જુદા જુદા બરનામજ અકદ કરે. (જેમકે Project Rise)
  - જમીઅતની ઉમૂર ખારિજીયાહની teams સાથે મિલીને બરનામજ અકદ કરે.
  - દાઅવત હાદિયાહના PR Department સી રઝા લેવા બાદ welfare programs કરવા વાસ્તે promotion strategy બનાવે.
- **Digital:**
  - PR Department ના Submission Guidelines સી બા ખબર રહે.
  - નિયમિતપણે content (ફોટો, news, વગૈરા) જમા કરી ને PR Department મા submit કરે.
  - મુમેનીન અને stakeholders ના દરમિયાન content ને social media platforms ના ઝરીયા સી નશર કરી ને engage કરવા વાસતે શૌક દિલાવે.

## SCOPE OF WORK

ઉમૂર ખારિજીયાહના coordinator ની ઝિમ્મેદારી છે કે ઉમૂર ખારિજીયાહની તમામ કમીટી/ ટીમ સાથે liaison કરે તાકે મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ની ખુશી અને ફારમાને આલી મુતાબિક હર અમલ થાય.

ઉમૂર ખારિજીયાહની કમિટી/teams આ મિસલ ખિદમાત અંજામ દે:

### STAKEHOLDERS

---

### Relations Management and Database

- PR Department યે જે relevant stakeholders ને designate કીધા છે- એહને identify કરે:
  - હુકૂમતના અરાકીન
  - હુકૂમતના ઓહદેદારો
  - મુતફર્રિક મઝાહિબના અરાકીન
  - NGOs અને charities
  - Influencers
  - Media personnel
  - Institutions અને societies
  - પડોસીયો
  - Diplomats and consular staff
  - મશહૂર વેપારીયો અને professionals
  - Finance અને legal sectors મા કામ કારનારાઓ
- મુતફર્રિક social initiatives ના ઝારીઆ ઇબાદુલ્લાહના સાથે બનાવે.

- તઅલ્લુકાત બરકરાર રાખવા વાસ્તે:
  - વારંવાર correspondence કરે
  - Social gatherings કરે
  - Meet and greet અને મુતફર્રિક મવાકીત felicitation કરે
- Political અને social developments ના બારામા ચોકન્ના રહે.
- મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ના મીલાદ મુબારકના મૌકે પર અને યેજ મિસલ બીસરા મવાકીત પર charitable અશ્યા તકસીમ કરે.
- મુમિનીન સગલાના સાથ હિલી મિલીને રહે- યે વાસ્તે સગલાને શૌક દિલાવે, મુમિનીનના દરમિયાન awareness આવે- યે વાસ્તે "كونوا لنا دعاة صامتين" અને “હર મુમિન PR Officer છે” ની ફલસફત સમજાવામા આવે.
- ઉમૂર દાખિલીયાહ ની મદદસી મૌઝેના વતનીયો- જે બીજા મવાઝેમા રહે છે અને એહના સાથે બેહતર તઅલ્લુકાત રાખે:
  - Contact list - updated રાખે
  - મૌઝેના હાલાતસી યે સગલાને બાખબર રાખે
- જમીઅતના central મૌઝે સાથે liaison કરે અને મિલીને PR strategy બનાવે.
- ઝરૂરી ઓહદેદારોની contact list રાખે.

## EVENTS

---

- Society ના ફાયદા વાસ્તે Project Rise ના તહત મુતફર્રિક બરનામજ અકદ કરે:
  - ઝરૂરતમંદ લોગોમા જમન, કપરા અને બીસરી અશ્યા તકસીમ કરે.
  - Environment (પર્યાવરણ) વાસ્તે તશજીર, Beach Clean-ups, વગૈરા.

➢ તાઅલીમી અને સકાફી બરામિજ- જેમકે public school મા donation કરે.

- બીસરા institutions જે બરનામજ અકદ કરે એહમા શામિલ થાય- જેમકે NGOs, હુકૂમતના welfare પ્રોગ્રામ. (આ મિસલ પ્રોગ્રામમા શામિલ થાવુ- એહને અકદ કરવાની મિસલજ ઘનુ ઝરૂરી છે)
- Independence Day અને Republic Day પર patriotic (દેશભક્તિ ના) પ્રોગ્રામ અકદ કરે અને એહમા શામિલ થાય.
- મૌલાનલ મિનઆમ ત.ઉ.શ. ની સફર મુબારક દરમિયાન state level protocol વાસ્તે- અને હુકૂમતના અરાકીનસી મુલાકાત વાસ્તે તદબીર કરે.
- Project Rise અને તે સિવા ના બરામિજ ના high quality અને high resolution ફોટો અને વીડિયો લે.

**નોટ ૧:** જમાઅત યા દાઅવત તરફસી તઅલ્લુકાત રાખે, personal યા individual level પર નહીં.

**નોટ ૨:** કોઈભી કિસમના બરનામજ અકદ કરવા પેશતર PR Department ને consult કરે.

## DIGITAL

---

### Digital/ Social and Media

- જમાઅતની મુતફર્રિક welfare activities ને promote કરે તાકે કૌમની એક positive પેહચાન કાઇમ થાય.
- Media સાથે બેહતર તઅલ્લુકાત રાખે.
- દાઅવત મુતઅલ્લિક ફોટો, વીડિયો, audios, published media clippings વગૈરાનો record રાખે.
- દાઅવતના social અને welfare પ્રોગ્રામસી બાખબર રેહવા વાસતે દાઅવતના official social media handles અને website ને follow કરે. (જેમકે- www.thedawoodibohras.com)
- જમાઅત તરફસી કોઇભી statement આપવાના પેહલે યા કોઈ ભી article publish કરવા પેહલે PR Department રઝા લે.
- મૌઝેમા કોઈ હાલાત બને- યા એહની ગુંજાઇશ હોય- તે વાસ્તે હમેશા ચેતીને રહે અને ઝરૂરત મુતાબિક PR Department ની રાયસી અમલ કરે.

**નોટ**: ફક્ત વોજ અશખાસ statement આપે જેના નઝદીક આમિલ સાહેબની રઝા હોય.

## અલ અકીક કમિટી

---

- મૌઝેમા હુકૂમતના ઓહદેદારો અને અરાકીનના બૈરાઓ સાથે બેહતર તઅલ્લુકાત રાખે. (PR Department સી consult કરવા બાદ)
- બૈરાઓ અને ફરઝંદો મુતઅલ્લિક ઉમૂર ખારિજીયાહના કામો વાસ્તે ઉમૂર ખારીજીયાહની કમિટી સાથે liaison કરે.

## SELECTION CRITERIA

- ઉમૂર ખારિજીયાહના coordinator ની અહમ qualities અને attributes:
    - ➢ મૌઝેના political, social, અને economic હાલાત સી બાખબર હોય.
    - ➢ હર અમલમા દાઅવત અને કૌમની ભલાઈ ઝહન નશીન હોય.
    - ➢ Transparency રાખતા હોય.
    - ➢ Influential હોય, બેહતર તઅલ્લુકાત હોય, બેહતર તાઅલીમ હાસિલ કીધી હોય અને કામયાબ હોય.
    - ➢ હુઝૂરેઆલા ત.ઉ.શ. ના અખબારસી બાખબર હોય.
    - ➢ અલગ અલગ લોગો સાથે તઅલ્લુકાત રાખવા વાસ્તે એહના approach મા flexible હોય.
    - ➢ અંગ્રેઝી ઝબાન અને local ઝબાન જાનતા હોય.
- ઉમૂર ખારીજીયાહના મેમ્બર્સ એહવા અશખાસ હોય જેનો નીચે મુતાબિક લોગો પર positive influence હોય:
    - ➢ હુકૂમતના મુતફર્રિક ઇદારાઓ
    - ➢ Political parties ના members
    - ➢ મશહૂર વેપારીયો અને professionals
    - ➢ મુતફર્રિક institutions અને organizations
    - ➢ NGOs
    - ➢ Social અને cultural societies
    - ➢ તાઅલીમી ઇદારાઓ
    - ➢ Media અને press

ઉમ્રૂર ખારિજીયાહના કમિટી મેમ્બર્સની અહમ skills અને attributes:

**Skills (ખૂબીયો)**

- Communication skills (બેહતર શાકેલતસી વાત કરવાની ખૂબી)
- Diplomacy
- Strategic Thinking
- Presentation/Oration
- Media savvy/Tech savvy

**Attributes (ખાસિયત)**

- દીની ઉમ્રૂરમા અને ખિદમત કરવા વાસ્તે પૂરેપૂરા તૈયાર
- ઈમાનદાર
- ભરોસામંદ
- Analytical thinking (સોચી સમજીને કામો કરતા હોય)
- Proactive (હાલાત ને સમઝી ને પેહલે સી action લઈ લે)

ANNUAL TARGETS

ઉમૂર ખારીજીયાહના ખિદમત ગુઝારો મૌઝેના હાલાત અને એહની ઝરૂરિયાત સમજીને S.M.A.R.T Goals બનાવે.

**Sample S.M.A.R.T Goals (ગોલસ ના નમૂના)**

- હમેં આવતા રવિવારે બરનામજ કરસૂ અને કબ્રસ્તાનના area મા ૫૦ ઝાડો રોપસું.
- Communication આસાનીસી થઈ સકે તે ખાતિર હમેં મૌઝેના 3 police station ના heads સાથે તઅલ્લુકાત બનાવસું.
- હમેં World Food Day ના મૌકે પર ૨૦૦ ઝરૂરતમંદોને જમનના packets તકસીમ કરસું.

## Idara/Department Contact List

| | | |
|---|---|---|
| Umoor Kharejiyah | **Public Relations Office** | Pro@alvazarat.org<br>*www.thedawoodibohras.com* |

# ANNUAL GOALS PLANNER (વાર્ષિક ગોલસ પલેનર)

| GOALS | SCHEDULE FOR TASKS | NOTES |
|---|---|---|
| 1. | | |
| 2. | | |
| 3. | | |
| 4. | | |
| 5. | | |
| 6. | | |
| 7. | | |
| 8. | | |
| 9. | | |
| 10. | | |

# SMART GOALS PLANNER (સમાર્ટ ગોલસ પલેનર)

| ગોલ ૧ | |
|---|---|
| SPECIFIC: કૌન ,સું કામ ,કિવારે કરસે, કઇ જગા કરસે અને નતીજો સું આવસે? | |
| MEASURABLE: નતીજો કેમ મપાસે? કિત્નુ થયુ? કિત્નુ બાકી છે? | |
| ACHIEVABLE: આ goal હાસિલ કરવા ના સગલા સંસાધનો છે. | |
| RELEVANT: મૌઝે અને ના ઉદ્દેશ્યો સાથે બંધબેસે છે? | |
| TIME-BOUND: કિતના વક્તમા તમામ થાસે | |
| ગોલ ૨ | |
| SPECIFIC: કૌન ,સું કામ ,કિવારે કરસે, કઇ જગા કરસે અને નતીજો સું આવસે? | |
| MEASURABLE: નતીજો કેમ મપાસે? કિત્નુ થયુ? કિત્નુ બાકી છે? | |
| ACHIEVABLE: આ goal હાસિલ કરવા ના સગલા સંસાધનો છે. | |
| RELEVANT: મૌઝે અને ના ઉદ્દેશ્યો સાથે બંધબેસે છે? | |
| TIME-BOUND: કિતના વક્તમા તમામ થાસે | |
| ગોલ ૩ | |
| SPECIFIC: કૌન ,સું કામ ,કિવારે કરસે, કઇ જગા કરસે અને નતીજો સું આવસે? | |
| MEASURABLE: નતીજો કેમ મપાસે? કિત્નુ થયુ? કિત્નુ બાકી છે? | |
| ACHIEVABLE: આ goal હાસિલ કરવા ના સગલા સંસાધનો છે. | |
| RELEVANT: મૌઝે અને ના ઉદ્દેશ્યો સાથે બંધબેસે છે? | |
| TIME-BOUND: કિતના વક્તમા તમામ થાસે | |

# MEETING MINUTES

| | | | |
|---|---|---|---|
| **Meeting:** | | | |
| **Date of Meeting:** | | **Start time:** | |
| **Location:** | | **End time:** | |
| **Chairman** | | **Minute taker:** | |

**1. Meeting Objective(s)**

| |
|---|
| |

**2. Attendance**

| Present | Apologies |
|---|---|
| | |
| | |
| | |

**3. Decisions, Issues**

| Topic/Discussion Notes | Outcome |
|---|---|
| | |
| | |
| | |

**4. Directives/Instructions Given**

| Action | Responsible Person | Deadline |
|---|---|---|
| | | |
| | | |
| | | |

# مكتب الموارد البشرية

12 Umoor Handbook (ગુજરાતી) Version 1.0

Published in the era of Syedna Aali Qadr Mufaddal Saifuddin [TUS]